# અંતરશુદ્ધિનાં સોપાન

## શ્રીગુરુમાઈ દ્વારા લિખિત પુસ્તકમાંથી

## ઉદ્ધરણ ૭

કોઈકે હમણાં એક દિવસ કહ્યું કે તે હઠયોગનું આસન તાડાસન જેને પર્વતાસન પણ કહેવાય છે તે કરી રહી હતી, અને અંતે તેને ધીમેધીમે ધ્યાનમાં જવાનો અનુભવ થયો. વર્ષોથી તેણે ધ્યાનની પ્રક્રિયાનું આ રીતનું વર્ણન ઘણી વખત સાંભળ્યું હતું. તેમ છતાં, તે હંમેશાં વિચારતી કે *તેણે* તે કરવું જ છે. તે ખૂબ પ્રયત્ન અને સાવધાનીપૂર્વક આ પ્રયાસ સાથે જોડાઈ રહી. પરંતુ, તે રાત્રે જ્યારે તે તાડાસનમાં ઊભી હતી, ત્યારે તેણે કોઈ પ્રયત્ન ન કર્યો. જેવું તેનું શરીર પૂર્ણ સંતુલનની સ્થિતિમાં આવ્યું, તેનું મન શાંત થઈ ગયું અને તે ધ્યાનમાં સરી પડી. તેણે પોતાને એક ગહન સ્થિતિમાં જોઈ જેની તેને પહેલાં ક્યારેય જાણ નહોતી. તે કેટલી આનંદપૂર્ણ, કેટલી શુદ્ધ આહ્લાદથી ભરેલી સ્થિતિ હતી કે તે તેના માટે કોઈ ઉપમા વિચારી શકતી નહોતી. તે અવર્ણનીય હતી.

© ૨૦૨૨ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ, *અંતરશુદ્ધિનાં સોપાન : દિવ્ય સદ્‌ગુણોનો યોગ*, અધ્યાય ૪, ‘જ્ઞાનમાં દઢતા’માંથી (ચિત્‌શક્તિ પબ્લિકેશન્સ, ચેન્નઈ, ૨૦૧૩), પૃષ્ઠ ૫૨-૫૩.